# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## સિન્ડિકેટની સભા (તારીખઃ૦૬/૦૧/૨૦૧૮)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૦૬/૦૧/૨૦૧૮ ને શનિવારના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

ક્રમ સભ્યશ્રીઓના નામ

૧) ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી)
૨) શ્રી એચ.એન. ચાવડા (કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્યના પ્રતિનિધિ)
૩) પ્રો. ઉર્મિલાબેન એચ. પટેલ
૪) ડૉ. (પ્રિ.) મોહનભાઇ છગનભાઇ પટેલ
૫) શ્રી ઇન્દ્રજીત નટવરલાલ પટેલ
૬) શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ
૭) શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ
૮) શ્રી પ્રજ્ઞેશકુમાર અરવિંદભાઇ પટેલ
૯) ડૉ. ભાવેશભાઇ ડી. પટેલ
૧૦) શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ
૧૧) ડૉ. ફારોખ સોરાબજી ઉમરીગર
૧૨) શ્રી રજનીકાંત પટેલ
૧૩) ડૉ. એન. વી. શાસ્ત્રી
૧૪) શ્રી નીલેશ જયંતિભાઇ પટેલ
૧૫) શ્રી યોગેન્દ્રસિંહ સોલંકી

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

૧) ડાયરેકટર(કમિશ્નર) ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય
૨) ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન
૩) શ્રી ગિરિશ બી. જાની

યુનિવર્સિટી ગીતના મંગળ આહ્વાન બાદ કુલપતિશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા. અને ત્યાર બાદ, સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

**(સિન્ડિકેટ વિભાગ)**

૧. તારીખઃ૨૯/૧૧/૨૦૧૭ની રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.

(બિડાણઃ૧ પૃ ૧ થી ૧૨)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૯/૧૧/૨૦૧૭ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.

સદર ઠરાવ સંદર્ભે શ્રી બિપીનચંદ્ર પી. પટેલ તરફથી યુનિવર્સિટીને લખેલ પત્રની નોંધ લીધી.

૨.　તારીખ:૨૯/૧૧/૨૦૧૭ની રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ ૨)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૯/૧૧/૨૦૧૭ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહી મંજૂર કરવામાં આવી.

**(એસ્ટેટ વિભાગ)**

૨૨.　તારીખ:૦૧/૦૧/૨૦૧૮ને સોમવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૭)

આથી ઠરાવવામાં આવે છે કે તા.૦૧/૦૧/૨૦૧૮ને સોમવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની સભાએ કરેલ ભલામણો પૈકી બાબત ક્રમાંકઃ૬ મંજુર કરવી તથા યુનિવર્સિટી કાર્યાલય ખાતે સઘન સુરક્ષા પુરી પાડવાના ભાગ રુપે જરુરી કાર્યવાહી સત્વરે હાથ ધરવી.

તારીખ ૨૨/૧૨/૨૦૧૭ના રોજ સિન્ડિકેટ સભ્ય શ્રી બિપીનચંદ્ર પી.પટેલ તથા ભૂતપૂર્વ સિન્ડિકેટ સભ્ય અને આણંદ પિપલ્સ મેડીકરના સી.ઇ.ઓ શ્રી પાર્થ બિપીનચંદ્ર પટેલ દ્વારા બે અન્ય વ્યકતીઓને સાથે રાખી યુનિવર્સિટીના કુલપતિશ્રી સાથે અભદ્ર ભાષાનો ઉપયોગ કરી કુલપતિશ્રી ઉપર હિચકારો હુમલો કરવાની કોશીશ કરેલ દરમ્યાનમાં યુનિવર્સિટીના કર્મચારીઓની મધ્યસ્થીને કારણે મોટી ઘટના થતી અટકેલ છે. યુનિવર્સિટી જયાં હજારો વિદ્યાર્થીઓનું ઉજજવળ ભવિષ્ય ઘડાય છે. યુનિવર્સિટીના શિક્ષકો અને સતાધીશો યુવા પેઢીને શિસ્ત, સંયમ અને સંસ્કારના પાઠ શિખવાડવા કટીબધ્ધ હોય ત્યારે યુનિવર્સિટીના પ્રાંગણમાં આ પ્રકારની અઘટીત અને અસામાજીક ઘટનાઓ ઘટે તે યુનિવર્સિટીના કોઇ પણ વ્યકિત, અધિકારી કે સતામંડળ માટે શરમજનક છે. યુનિવર્સિટીની ગરીમાને હાની પહોંચાડનાર આ પ્રકારની ઘટનાની સિન્ડિકેટની સભા સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી બિપીનચંદ્ર પી.પટેલ તરફથી અગાઉ પણ વર્ષ ૨૦૦૦ તથા વર્ષ ૨૦૦૪માં ઉગ્રતા દાખવી યુનિવર્સિટી સાથે અશોભનીય વર્તન કરેલ છે. જેની તા.૩૦/૦૬/૨૦૦૦ તથા તા.૦૪/૧૨/૨૦૦૪ ના રોજ મળેલ સિન્ડિકેટની સભા દ્વારા ઠરાવ સ્વરૂપે સખત શબ્દમાં વખોડી કાઢવામાં આવેલ છે.

વધુમાં આજની સિન્ડિકેટની આ સભા એમ પણ ઠરાવે છે કે યુનિવર્સિટી માટે કલંકરૂપ આ ઘટનાને કારણે તેનો અસરકારક વિરોધ કરવાના ભાગ રૂપે સર્વ સંમતીથી આજની આ સભાના બાકી રહેલ કાર્યોને પણ સ્થગીત કરી પોતાનો રોષ, દુઃખ અને વિરોધ વ્યકત કરે છે.

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ સભ્યશ્રી દેંવાગભાઇ રમેશભાઇ પટેલ તરફથી રજુ કરવામાં આવ્યો જેને આ સભા સર્વાનુમતે મંજુર કરેલ છે. સદરહું ઠરાવ સંદર્ભે શ્રી બીપીનચંદ્ર પુરષોતમદાસ પટેલ તરફથી સભાને ખાતરી આપવામાં આવી કે હું કે મારા પુત્ર શ્રી પાર્થ બિપીનચંદ્ર પટેલ દ્વારા ભવિષ્યમાં આ પ્રકારની ઘટના નહી બને તેની બાંહેધરી આપું છું.

માનનીય કુલપતિશ્રી દ્વારા આ ઠરાવ ઉપરાંત સિન્ડિકેટના ૩થી ૪ સભ્યોની સમિતીની રચના કરી આ પ્રકારની ઘટના ભવિષ્યમાં ના બને તે માટેની સમીક્ષા કરી ઉપાયો સુચવવા સભાગૃહમાં પ્રસ્તાવ મુકવામાં આવ્યો તે સંદર્ભે સિન્ડિકેટ તરફથી આ સમિતીની રચના કરવાની સતા કુલપતિશ્રીને આપવામાં આવી.

ઉપરોક્ત ઠરાવ બાદ સભાની કામગીરી મોકુફ રાખી સર્વેના આભાર સાથે સભા સમાપ્તિની ઘોષણા કરવામાં આવી.

નંબરઃ કે.૪/૯૪૨૯
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૦૬/૦૧/૨૦૧૮

કા. કુલસચિવ

પ્રતિ, સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.